THE PATIDAR GIN SCIENCE COLLEGE, BARDOLI.
"Kalyanji Education Academy"
Sardar Baug, BARDOLI - 394 601. Dist. Surat. (Gujarat).
ધી પાટીદાર જીન સાયન્સ કોલેજ, બારડોલી.
''કલ્યાણજી એજ્યુકેશન એકેડેમી''
સરદાર બાગ, બારડોલી - ૩૯૪ ૬૦૧. જી. સુરત. (ગુજરાત).
Re-Accredited 'B' Grade 2.41 CGPA by NAAC
Email : sciencecollegebardoli@gmail.com
Website : www.pgscience.org
Phone & Fax No.: (02622) 220003
Zone Code : 92
College Code No.: 20

No. :

Date : / /202

**2.2. Number of seats earmarked for reserved category as per GOI/ State Govt. rule during the year.**

| Year | Number of seats earmarked for reserved category as per GOI or State Government rule | | | | | Number of students admitted from the reserved category | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | SC | ST | OBC | Gen | Others(EWS) | SC | ST | OBC | Gen | Others (EWS) |
| F.Y.B.Sc. | 7% | 15% | 27% | 51% | 10% | 8 | 128 | 33 | 54 | 1 |
| S.Y.B.Sc. | 7% | 15% | 27% | 51% | 10% | 7 | 139 | 33 | 52 | 0 |
| T.Y.B.Sc. | 7% | 15% | 27% | 51% | 10% | 2 | 86 | 38 | 50 | 2 |
| Total | | | | | | 17 | 353 | 104 | 156 | 3 |

THE PATIDAR GIN SCIENCE COLLEGE BARDOLI 394 601

PRINCIPAL
THE PATIDAR GIN SCIENCE COLLEGE
SARDAR BAUG, BARDOLI-394 601

SCS1 cell

અનામત નીતિ અંગે યુ.જી.સી.ની ગાઇડલાઇન બાબતે

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ ઉગય/૧૨૦૯/૩૪૯૬/૫ાર્ટ-૧/ખ-૨
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૨૪.૧૦.૨૦૧૬

વંચાણે લીધા-

૧. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન ન્યુ દિલ્હીના પતર ક્રમાંકઃ એફ.૧-૫/૨૦૦૬ (એસ.ટી.રી) તા.૨૫.૦૮.૨૦૦૬ થી બહાર પાડેલ અનામત નીતિ પરત્વેની ગાઇડલાઇન

પરિપત્ર:-

આથી આ વિભાગ હેઠળની યુનિવર્સિટીઓ તથા સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ, યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સિટી દ્વારા ચાલતા અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે, જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાના સરકારશ્રી તથા વિવિધ વૈધાનિક સંસ્થાઓ દ્વારા જે આદેશો આપવામાં આવેલ છે, તે મુજબ સંસ્થામાં પ્રવેશ અંગેની કાર્યવાહી કરવામાં આવે તે અપેક્ષિત છે. વધુમાં કેન્દ્ર/રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ અનામત નીતિ મુજબ સરકારી/અર્ધસરકારી/ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓમાં વિદ્યાર્થી પ્રવેશ તથા સ્ટાફ ભરતી પ્રક્રિયામાં તેમજ સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/ સંસ્થાઓમાં માત્ર વિદ્યાર્થી પ્રવેશમાં અનામત નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહે છે. જેથી અનામત નીતિ અંગેની પ્રવતમાન જોગવાઇઓને ધ્યાને લેતા વહીવટી સરળતા ખાતર તેમજ વહીવટકર્તા/અમલકર્તાઓને યોગ્ય સમજ મળી રહે તે હેતુસર યુનિવર્સિટી તથા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોમાં અનામત કેટીગરીમાં પ્રવેશ અંગેની તેમજ સ્ટાફ ભરતી અંગેની નીતિ તમામ સંસ્થાઓમાં એક જ સરખી રહે તે હેતુસર અનામત અંગેની સંક્ષિપ્ત જોગવાઇઓ નીચે મુજબ છે, જેનો ચુસ્તપણે અમલ કરવા આથી સર્વે સંબધકર્તાઓને જણાવવામાં આવે છે.

- અનામત પ્રમાણ :-

| ક્રમ | વિગત | અનામત રાખવાની થતી જગ્યાની ટકાવારી |
|---|---|---|
| ૧ | અનામત જાતિ (શેડ્યુલ્ડ કાસ્ટસ) | ૦૭% |
| ૨ | અનુસૂચિત જનજાતિ (શેડ્યુલ્ડ ટ્રાઇબ્સ) | ૧૫% |
| 3 | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી) | ૨૭% |

Scanned with CamScanner

પામે તો તેવા અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને તે કેટેગરીના નિયત પ્રમાણની સામે ગણતરીમાં લેવાના રહેશે નહીં, પરંતુ સામાન્ય કક્ષામાં ગણવા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯.૦૧.૨૦૦૦ અને તા.૨૩.૦૭.૨૦૦૪ ની સૂચના મુજબની કાર્યવાહી કરવાની રહેશે તેમજ સરકારની રોસ્ટર અંગેની વખતો વખતની પ્રવતમાન સૂચનાઓને અનુસરવાનું રહેશે.

(૩) જો બઢતીમાં ફીડર કેડરમાં અનામત કક્ષાના ઉમેદવારો ઉપલબ્ધ ન બને તો જગ્યા સીધી ભરતીથી ભરવાની રહેશે તેથા પ્રમાણ જાળવવાનું રહેશે.

(૪) સરકારશ્રીએ નિયત કરેલ રોસ્ટર ક્રમાંકો મુજબ ભરતી/બઢતી કાર્યવાહી કરવાની રહેશે.

(૫) સ્ટાફ ભરતી, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉમેદવારોને તૈયાર કરવા શોર્ટ ટર્મ કોચીંગ ક્લાસનું આયોજન કરવું.

(૬) વરણી સમિતિમાં અનુસૂચિત જાતિ/જનજાતિના ૧ પ્રતિનીધિ હોવા આવશ્યક છે.

- **હોસ્ટેલ પ્રવેશ :-**

(૧) નિયત પ્રમાણ મુજબ પ્રવેશ.

(૨) અનુસૂચિત જાતિ/જનજાતિના વિદ્યાર્થીઓ પાસેથી કોઇ પ્રકારનું ભાડુ લેવાનું રહેશે નહી.

- **સ્ટાફ આવાસ :-**

(૧) નિયત પ્રમાણ મુજબ ફાળવણી

તમામ યુનિવર્સિટી ખાતે કામગીરીના સંકલન, નિયંત્રણ, અમલીકરણ માટે નાયબ કુલસચિવ કક્ષાના અધિકારીની નિયુક્તિ કરવામાં આવેલ છે. અનામત નીતિના અમલ અર્થે દરેક કોલેજ કક્ષાએ જે તે કોલેજના આચાર્યશ્રીના અધ્યક્ષ સ્થાને સલાહકાર સમિતિની રચના કરવાની રહેશે. જેનું માળખું નીચે મુજબ છે. સમિતિની બેઠક દર ત્રણ માસે બોલાવવાની રહેશે. જે તે બેઠકમાં અગાઉની બેઠકોમાં થયેલી કાર્યવાહીની સમીક્ષા કરવાની રહેશે. જે તે કોલેજ/સંસ્થામાં કેન્દ્ર સરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ આરક્ષણ નીતિ તથા તે પરત્વે વિદ્યાર્થી પ્રવેશ/સ્ટાફ ભરતી બાબતમાં પ્રમાણ જાળવવા અંગેની સમીક્ષા, નિયંત્રણ, અમલીકરણ કરવાનુંવ રહેશે. તેમજ કમિટીની રચના અને કાર્યવાહી જાણ અત્રેની યુનિવર્સિટીના એસ.સી.-એસ.ટી સેલને કરવાની રહેશે.

- **કોલેજ ખાતેની સલાહકાર સમિતિ :-**

(૧) સંબધિત સંસ્થાના આચાર્ય/ વડા – અધ્યક્ષ

(૨) બે થી ચાર શૈક્ષણિક સ્ટાફ – સભ્યશ્રી

(જેમાં અનુસૂચિત જાતિ/જનજાતિના સભ્યોની સમાવેશ કરવાનો રહેશે.)

(૩) અ. સંબંધિત જિલ્લાના જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી } સરકારશ્રીના
બ. તકેદારી અધિકારીશ્રી, આદિજાતિ કલ્યાણ } પ્રતિનિધિ

(૪) નાયબ કુલસચિવશ્રી, એસ.સી.-એસ.ટી. સેલ –યુનિવર્સિટીના પ્રતિનિધિ

અનામત નીતિના અમલ બાબતે સંદર્ભિત પત્રથી યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને બહાર પાડેલ ગાઇડ લાઇનની નકલ પણ આ સાથે અગાઉ અંશે સામેલ છે, જેનો ચુસ્ત અમલ થાય તે માટે કરવા સર્વે યુનિવર્સિટીને જણાવવામાં આવે છે.

યુનિવર્સિટીના સક્ષમ સત્તામંડળમાં પ્રસ્તુત પરિપત્રમાંની સૂચનાઓ અન્વયે નિયમોનુસાર કાર્યવાહી કરી યુનિવર્સિટીના લાગુ પડતા સ્ટેચ્યુટ/ઓર્ડીનન્સ/રેગ્યુલેશન કે રૂલ્સમાં સૂધારો કરવા કે આ પરિપત્રની જોગવાઇઓ દાખલ કરવા શિક્ષણ વિભાગ હેઠળની સર્વે યુનિવર્સિટીઓને આદેશ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સિકલ સા.વાંચેલ નો તા.૨૯-૬-૨૦૦૦
તથા તા.૨૩-૭-૨૦૦૪નો પરિપત્ર

(નિકુંજ જાની)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ

ક્રમાંક: CHE/ISC-7/૧૬/ ૪૦૧૨૩-૫૩
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
બ્લોક નં. ૧૨, ડૉ. જી. મ. ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. ૦૪/૧૦/૨૦૧૬.

૨/- શિક્ષણ વિભાગ, ગાંધીનગરના ઉકત તા.૨૪/૧૦/૧૬ ના પરિપત્ર ક્રમાંક: ઉગપ/૧૨૦૯/૩૪૯૬/પાર્ટ-૧/ ખ-૨ થી જણાવેલ વિગતો અનુસારની આપની કક્ષાએથી ધ્યાને લઈ તે સુચનાઓનો અમલીકરણ તાકિદે કરવા કરવા સારુ.

નાયબ નિયામક
ગુ.રા., ગાંધીનગર.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

પ્રતિ,

(૧) યુનિવર્સિટીના તમામ વહીવટી વિભાગના વડાશ્રીઓ તથા હોસ્ટેલ(બોઈઝ/ગર્લ્સ) વોર્ડનશ્રી
(૨) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ
(૩) યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ/સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમના કો-ઓર્ડિનેટરશ્રીઓ
(૪) તમામ પ્રવેશ સમિતિના કો-ઓર્ડિનેટર/કન્વીનરશ્રીઓ.

ઉપરોક્ત પરિપત્રમાં જણાવ્યા મુજબ અનામતનીતિ અંગે જાણ તેમજ ચુસ્તપણે અમલ કરવા સારૂ.....

ક્રમાંક : એસસી/એસટી સેલ/૧૯૬૭૩/૨૦૧૬.
તા. ૧૯/૧૧/૨૦૧૬

ઈ.ચા. કુલસચિવ